ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 17th July,2020

પ્રતિ,

તંત્રી શ્રી,

................................................................................,

ભાવનગર.

૨૫ જુલાઈ સુધી સવારે સૂર્યોદય પહેલા ૪૫ મિનીટ થી એક કલાક

## એકી સાથે બુધ, શુક્ર, શનિ, મંગળ, અને ગુરુ પાંચ ગ્રહોને નરી આંખે નિહાળી શકાશે.

ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર હેતું ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

તા. ૧૯/૦૭/૨૦૨૦ રવિવારની વહેલી સવારે એક સાથે પાંચ ગ્રહોની હારમાળા થવા જઈરહી છે. જેમાં બુધ, શુક્ર, શની, મંગળ અને ગુરુ સાથે અંધારી ચૌદશનો ચંદ્ર પણ નિહાળી શકાશે. આ ખગોળીય ઘટના સવારે ૫ વાગ્યા થી સૂર્યોદય દરમ્યાન નરી આંખે નિહાળી શકાશે. ઉપરોક્ત ગ્રહો તેજસ્વી તારા સ્વરૂપે આકાશમાં ગોઠવાયેલા જોવા મળશે. ગ્રહોને જોવા માટે શુક્ર પૂર્વ-ઉત્તર દિશામાં નીચેની બાજુએ વૃષભ રાશિમાં, મંગળ ગ્રહ દક્ષિણ-પૂર્વ દિશા આકાશમાં મધ્ય ભાગ ઉપર કુંભ અને મીન રાશી વચ્ચે, ગુરુ ધનુ રાશિમાં અને શની ગ્રહ ધનુ અને મકર રાશી વચ્ચે દક્ષીણ-પશ્ચીમ દિશામાં ક્ષિતિજની નજીક, શનિ ગ્રહ ગુરુ ગ્રહની ઉપરની ડાબી બાજુએ અને બુધ ચંદ્રની જમણી બાજુએ મિથુન રાશિમાં નિહાળવા મળશે.

આ ઘટના ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ બંને ગોળાર્ધમાં જોવા મળશે. આ પાંચ ગ્રહો એકી સાથે ૨૫ જુલાઈ સુધી સવારે સૂર્યોદય પહેલા ૪૫ મિનીટ થી એક કલાક વહેલા જોઈ શકાશે. આ પ્રકારની ખગોળીય ઘટના હવે જૂન ૨૦૨૨માં જોવા મળશે.

IPM

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.